યાતનાઓ ડગલે ડગલે સાથે રહી પણ આદિવાસી બંધુઓને મળવા માટે ઉપડેલા ડગ, પાછા ના પડ્યા. યાતનાઓનો આનંદ, આદિવાસી બંધુઓને તથા ગરીબીને નજદિકથી નિહાળ્યાનો આનંદ આજેય અકબંધ છે.

✍ વંદનાબેન શાહ

## મળે નહીં આવો પરિવાર

ભારત વિકાસ પરિષદ એટલે એક આંતરરાષ્ટ્રીય સામાજીક સેવાભાવી સંગઠન. આ સંસ્થાના સૂત્રો છે સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા અને સમર્પણ. આ સંસ્થાની દરેક શાખાના સભ્યો અને રાજ્યની તથા દેશની અનેક શાખાના સભ્યો, એક પરિવારની ભાવનાને મૂર્તિમંત કરે છે. આજના યુગમાં જ્યારે નજીકના સ્વજનો પણ આપત્તિના સમયે, સમયદાન કે યોગદાનના સંસ્કારમાંથી વિખૂટા થઈ જાય છે ત્યારે આ પરિવારના સભ્યો તરફથી મળેલો સહકાર, પ્રેમ, હૂંફ અને જવાબદારી નિભાવવાની તત્પરતાનો સો સો સલામ કરવી પડે.

અમદાવાદમાં સત્યકામ સોસાયટી, નહેરૂનગર, આંબાવાડીમાં રહેતાં શ્રી રોહિતભાઈ કોઠારી, તેમના પરિવાર સાથે વાઘા બોર્ડર, અમૃતસર અને નજીકના સ્થળોએ ફરવા ગયા હતા. તેઓ ભારત વિકાસ પરિષદના સભ્ય પણ નથી. તેઓ અમૃતસરની એક સુંદર ધર્મશાળામાં ઉતર્યા. સવારથી સાંજ સુધી અનેક સ્થળોની મુલાકાત લીધા પછી પરિવાર થાકેલો





હતો. શ્રી રોહિતભાઈએ કહ્યું કે, 'હું ઠંડા પાણીની બોટલ લઈને આવું છું.' અડધો કલાક થયો છતાંય તેઓ પાછા ન ફરતાં પરિવાર ચિંતા કરતો હતો ત્યાંજ ધર્મશાળાના મેનેજરે આવીને કહ્યું કે, 'આપ કે સાથ જો બંદા થા વો ગિર ગયા હૈ' મેનેજરે ફોન કરીને તાત્કાલિક ૧૦૮ ને બોલાવી લીધી હતી. પરિવારમાં પત્ની અને પુત્રો સાથે હતા. શ્રી રોહિતભાઈને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ ગયા. માથામાં વાગ્યું હશે. તેમનો કાર્ડિયોગ્રામ લીધો. ડોક્ટરોએ નિરાશ થઈને કહ્યું. 'He is no more' કોઠારી પરિવારને માથે આભ તૂટી પડ્યું. અજાણ્યું શહેર, અજાણ્યા લોકો અને ન સહન થાય તેવી આપત્તિ.

આ જ સત્યકામ સોસાયટીમાં રહેતા ડો. દિનેશભાઈ અમીનને વહેલી સવારે ફોન કરીને રડતાં રડતાં વાત કરી. ડો. દિનેશભાઈ એટલે ભારત વિકાસ પરિષદ, ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ પ્રમુખ. તેમણે પરિવારને સાંત્વના આપી. કોઠારી પરિવાર તેમના પાડોશી પણ થાય.

ડો. દિનેશભાઈએ ભારત વિકાસ પરિષદની ડાયરી કાઢીને પ્રથમ શ્રી અજીતભાઈ શાહને ફોન કર્યો ત્યારબાદ શ્રી વાધવાજી, જેઓ સંસ્થાના રાષ્ટ્રીય મહામંત્રી છે તેમને ફોન કર્યો. તેમણે અમૃતસરમાં ભારત વિકાસ પરિષદના શ્રી જગજીતસિંઘ નાગપાલને ફોન કરવા કહ્યું. સવારે ૬ કલાકે સંકોચ સાથે ડો. દિનેશભાઈએ નાગપાલ સાહેબને હકીકત જણાવી. નાગપાલ સાહેબે ખૂબ આશ્વાસન આપ્યું અને જોતજોતામાં ૬ થી ૭ સભ્ય પરિવાર સાથે હોસ્પિટલમાં પહોંચી ગયા. ડોક્ટરનો

પોલીસ ડિપાર્ટમેન્ટ સાથે સંપર્ક હોવાથી તેનો લાભ લઈને પોસ્ટમોર્ટમમાંથી મૃતદેહને બચાવી લેવાયો અને પાછળની વિધિ ત્વરિત ગતિથી આટોપવામાં મદદ કરી. આ સમય દરમ્યાન પાંચ થી છ વાર અમદાવાદ ડો. દિનેશભાઈને ફોન કરીને દરેક પરિસ્થિતિની માહિતી આપતા રહ્યા. હવે, નાગપાલ સાહેબે મહત્વનો સવાલ પૂછ્યો કે શ્રી રોહિતભાઈની અંતિમવિધિ અને અગ્નિસંસ્કાર અહીં જ કરવા હોય તો વ્યવસ્થા કરી દઈએ. શ્રી રોહિતભાઈના પત્ની અને પુત્રોની ઈચ્છા અમદાવાદમાં અગ્નિસંસ્કાર થાય તેવી હતી. અમદાવાદમાં સ્નેહીઓ અને સ્વજનો એકઠાં થઈ ગયા હતા.

શ્રી નાગપાલ સાહેબ અને તેમના સાથી મિત્રોએ અમૃતસરથી દિલ્હી શબવાહીની અને દિલ્હીથી વિમાન દ્વારા શ્રી રોહિતભાઈના મૃતદેહને પુરા માન અને આદર સાથે કોફીનમાં અમદાવાદ મોકલવાની પૂર્ણ વ્યવસ્થા કરવામાં મદદ કરી. અજાણ્યા શહેરમાં કોઠારી પરિવારને સ્વજનો કરતાંય વિશેષ સહકાર, હૂંફ અને સહાય પ્રાપ્ત થયાં. કૃતઘ્નતા સાથે વિદાય લીધી. પાછળથી આભારના પત્રો પણ લખ્યા.

'વસુધૈવ કુટુંબકમ' સૂત્ર અને ભારત વિકાસ પરિષદ 'એક સંસ્થા એક પરિવાર' ના સંસ્કારને મૂર્તિમંત કરનારા શ્રી નાગપાલ સાહેબ અને તેમના સાથી મિત્રોને કોટિ કોટિ વંદન અને અભિનંદન...પરમાત્માને પ્રાર્થના કરીએ કે કોઈને આવું દુ:ખ ન પડે. અને પડે તો શ્રી નાગપાલ સાહેબ અને સાથી મિત્રો જેવા સ્વજનો મળે.

✍ **હેમંતભાઈ ઉપાધ્યાય**